Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# ગુજરાતનાં સાંસ્કૃતિક વારસા તરીકે લોકમેળાઓ અને લોકોઉત્સવો

**પરમાર ધરતીબહેન દિવયકાંતભાઈ**
પી.એચ.ડી .સ્કૉલર, સમાજવિધ્યા ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

પ્રસ્તાવના-:

ગુજરાતની ધરતીને કુદરતે છુટે હાથે સૌદર્ય બક્ષ્યું છે .પૂર્વમાં સહાયદ્રી અને સાતપુડાના પર્વતોની હારમાળા, પશ્ચીમમાં કચ્છનું રણ, ઉત્તરે ગીરીરાજ આબુની ડુંગરમાળા અને દક્ષીણે દમણગંગાનું નૈસર્ગીક સૌદર્ય ધરાવતા ગુજરાતનાં ગૌરવવંતા લોકજીવનના વિસ્તારપટ પર નજર કરીશુ તો સમૃદ્ધ એવી કળા, સંસ્કાર અને સંસ્કૃતિનો મૂલ્યવાન વારસો ધબકતો નજરે પડે છે. લોકસંસ્કૃતિ એટલે આચારમાં અને વિચારમાં કોઈપણ પ્રજાની જે લાક્ષણિકતાઓ કે જીવનરીતિ પરંપરાગત પેઢી દર પેઢી ઊતરતી રહેતી હોય તે એમની સંસ્કૃતિ .લોકસંસ્કૃતિ લોકોના સમગ્રજીવનને આવરી લે છે .લોકો એટલે એવો માનવ સમૂહ કે જે કોઈ એક જ ભૌગોલિક સીમામાં કે સાંપ્રદાયિકવાડામાં બંધાયેલો ન હોય .ગુજરાતમાં દેશી અને વિદેશી ઘણી પ્રજા આવી અને ગઈ . એમાં લાકડાના દેવદેવીઓની પૂજા કરતી ગ્રીક પ્રજા, સૂર્યપૂજાનો સંસ્કાર લઈ આવેલી સિથિયન અથવા સફેદ હુણપ્રજા, માછીમારીનું કામ કરતી નિષાદપ્રજાવગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ખારવા, કોળી, મિયાણા, બરડાપ્રજા, મેર, બલૂચો, બાબર, ખરક, વણજારા, વાઘેલા, તરગાડા, લુહારીયા, સલાટ, સીદી, જાત, વગેરે પ્રજા ગુજરાતમાં આવીને વસી છે .આ સર્વે પ્રજા અને પ્રદેશોએ વસેલી પ્રજાએ અને તેમની સાથે આવેલ એમના સંપ્રદાયો, સંસ્કારો, રીતીરીવાજો, માન્યતાઓ, એમના સંગીત, નૃત્ય, ચિત્ર, રહેણીકરણી, અને ખાનપાન, માન્યતાઓ અને કલાકારીગીરીએ સાથે મળીને ગુજરાતની લોકસંસ્કૃતિને ઘાટ આપ્યો છે ગુજરાતની લોકસંસ્કૃતિના ઘડતરમાં આ પ્રજા અને પ્રદેશ સમૂહોનું આગવું યોગદાન છે.આમ લોકસંસ્કૃતિએ કોઈ એકલ દોકલ

માનવી કે માનવસમૂહનું સર્જન નથી .પણ ઘણી નદીઓમાંથી જેમ મહાનાદ ઊભો થાય તેમ અનેક લોકજાતિઓના સમન્વય સમિશ્રણમાંથી ગુજરાતની લોકસંસ્કૃતિના વિશિષ્ટ સ્વરૂપો સર્જાયા છે આ સ્વરૂપો વડે જ લોકસંસ્કૃતિનું કાઠું બંધાયું છે. લોકજીવનમાં આનંદનો ઉમેરો કરતાં ઉત્સવો, તહેવારો, અને મેળાઓનું મહાત્મય તો વળી અનેરા પ્રકારનું જ છે આદિકાળથી મેળાઓ અને ઉત્સવોની ઉજવણી માનવી કરતો આવ્યો છે.દિવાળી, હોળી, ગોકુળઆઠમ, અખાત્રીજ, દિવાસો, ઉતરાયણ અને વસંતઉત્સવ જેવા ઋતુઓના રંગે ઝીલીને આવતા પર્વ પ્રસંગે જોવા મળતી પરપરાંઓ અનેરી છે .કેટલાક તહેવારોમાં ગામેગામ મેળાઓનું આયોજન થાય છે .શ્રાવણીપૂનમ, ભાદરવી અમાસ, ભાદરવાની ત્રીજ-ચોથ-પાંચમ જેવા તહેવારોમાં ઠેરઠેર લોકમેળાનું આયોજન થાય છે .ત્યારે ગુજરાતની કલા અને સંસ્કૃતિની જાહોજહાલી પ્રગટ થાય છે .આ લોકોઉત્સવો અને મેળાઓ નાત-જાત, ગરીબ-તવંગર કે ઊંચ-નીચના ભેદભાવ વગર સૌ સાથે મળીને ઉજવે છે .માનવીના હૃદયમાં રહેલા દુ:ખ ને દુર કરી આનંદ ઉલ્લાસ સમગ્ર વાતાવરણમાં પ્રસરી દે છે .ગુજરાત તેના પરંપરાગત મેળાઓ અને તહેવારોના કારણે જગપ્રસિધ છે .

ગુજરાતના સાંસ્કૃતિક વારસા તારીકે લોકમેળાઓ-:

ગુજરાતનાં લોકમેળાઓ સમગ્ર લોકસમુદાય માટે એક વિશેષ મહત્વ ધરાવે છે ગુજરાતમાં કારતક માસથી પ્રારંભ કરીને આસો માસ દરમ્યાન અનેક સ્થળોએ મેળા યોજાય છે . ગુજરાત તેના પરંપરાગત મેળાઓ અને તહેવારોના કારણે જગપ્રસિધ છે .ગુજરાતમાં દરવર્ષે નાનામોટા ૧૬૦૦ ઉપરાંત મેળાઓ યોજાતા હોય છે તેમાંથી ૫૦૦થી વધુ મેળાઓ શ્રાવણમાસમાં યોજાય છે .સૌથી વધુ આશરે ૧૫૯ મેળાઓ સુરત જીલ્લામાં અને સૌથી ઓછા મેળા ડાંગ જીલ્લામાં યોજાય છે.ગુજરાતમાં ૨૮૦ જેટલા વનવાસીઓના મેળા યોજાય છે .સૌથી વધુ ૮૯ પંચમહાલ જિલ્લામાં યોજાય છે .લોક મેળા એટલે મેળાપ જ્યાં જનસમૂહ એકઠો થાય છે .મેળાઓ એટલે મેળાપ

–મુલાકાત, એકબીજાને મળવા ભેગા થયેલ જનસમૂહ મંડળ કે ટોળું, સભા, જલસો, મેળાવડો, નક્કી તારીખે અને નક્કી કરેલ સ્થળે ભરાતું વિવિધ વસ્તુઓનું ગંજાવર બજાર.

લોકમેળાનો ઉદ્ભભવ -:

સૌ પ્રથમ મેળો કયા ભરાયો હશે તેની સચોટ માહિતી ઉપલબ્ધ નથી, પણ મેળાઓ ઉલ્લેખ પ્રાચીનકાળનાં બે મહાકાવ્યો રામાયણ અને મહાભારતમાં જોવા મળે છે.સામાન્ય રીતે મેળાઓ નદી કિનારે, પર્વતીય પ્રદેશ, વનવિસ્તાર કે ધાર્મિક સ્થળોએ લોકો ભેગા મળી પ્રસંગની ઉજવણી કરી  કે એક સ્થળેથી જીવનજરૂરી ચીજવસ્તુઓ ખરીદવા અથવા એકબીજાને મળવા અને મેળાનો આનંદ મેળવવા ભેગા થતાં .દરેક મેળાઓ નું સ્વરૂપ અને તેમની પ્રવૃતિઓ જુદી જુદી હોય છે .આપણા પુર્વજોનો મૂળ ઉદેશ્ય આપણી  સંસ્કૃતિનું જતન કરવાનો હોવાથી મેળાઓની શરૂઆત થઈ હશે તેમ માની શકાય.

લોકમેળાનું મહત્વ-:

ગુજરાતમાં યોજાતા લોકમેળાઓ મોટાપ્રમાણમાં ધાર્મિક તહેવારો, પ્રસંગો કે માન્યતાઓના અનુસંધાનમાં યોજાય છે.દેવી-દેવતાઓના પર્વ પ્રસંગે યોજાતા મેળાઓમાં લોકસમુદાયની ધાર્મિક ભાવનાથી ભાગ લે છે .સાધુ અને સંતોની સ્મૃતી તેમજ સ્થાનિક દેવતાઓની યાદમાં લોકો ઉત્સાહથી મેળામાં સામેલ થાય છે .મોટાભાગના મેળાઓ વર્ષમાં એક વખત યોજવામાં આવે છે .છતાં કેટલાક ખાસ કરીને આદિવાસી વિસ્તારના મેળાઓ જે હાટમેળાઓ તરીકે ઓળખાય છે .હાટમેળાઓ દર અઠવાડિએ યોજવામાં આવે છે .સ્થાનિક મેળાઓ એકાદ દિવસ પૂરતા હોય છે.પરંતુ તરણેતર, ભવનાથ અને માધવરાયના મેળા જેવા કેટલાક મેળાઓ પાંચ કે સાત કે વધુ દિવસો સુધી ચાલે છે.આ લોકમેળાઓ ગુજરાતમાં ઠેરઠેર વર્ષોથી ઊજવાતા આવ્યા છે.વર્ષો પહેલા આજે છે એવા મનોરંજનના સાધનો પ્રાપ્ય ન હતા .વાહન-વ્યવહારનાં સાધનો ન હતા .લોકોને

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

જીવન -જરૂરીયાતની વસ્તુઓનો લાંબો સમય સંગ્રહ કરવાનાં સાધન પણ ન હતા એટલે લોકમેળાઓ લોકો ને તેમની જરૂરીયાત ના સાધન સામગ્રી પુરૂ કરવાનું માધ્યમ તેમજ મનોરંજન માટે નું સ્થળ પણ બની રહેતું .આ મેળાઓમાં લોકસમુદાયને આકર્ષતા અનેક તત્વો હોય છે.મીઠાઈ, ઝવેરાત, રમકડાં અને આવી બીજી એનેક લોકસમુદાયને આકર્ષક ચીજવસ્તુઓથી ઉભરાતી હાટડીઓ, રંગબેરંગી પોષાક અને ઝગમગતા આભૂષણોથી સજ્જ યુવતીઓ અને યુવાનો, રાસગરબા અને દુહાનો કાર્યક્રમો આ બધા તત્વો લોકમેળાઓને વધુ આકર્ષક બનાવે છે .એમાં મોહક યુવક યુવતીઓ ઉપરાંત નાના નિર્દોષ બાળકોથી માંડીને જમાનો જોયેલ અનુભવી સ્ત્રી-પુરુષ પણ ઉમટી પડે છે .તેમણે માટે મેળાઓ ધાર્મિક યાત્રા બની રહે છે .ગુજરાતનાં લોકમેળાઓની આ એક આગવી વિશિષ્ટતા છે .આમ ગુજરાતના કેટલાક પ્રચલિત મેળાઓનો ધાર્મિક-સામાજીક-સાંસ્કૃતિક પરીપ્રેક્ષ્ય માં અભ્યાસ કરીએ .

*<u>તરણેતર નો મેળો -:</u>

સુરેન્દ્રનગર જીલ્લામાં તરણેતર નામના ગામમાં ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદીરના પ્રાંગણમાં ભાદરવાસુદ ૩-૪-૫ એમ ત્રણ દીવસ ભારતભારનો પ્રખ્યાત મેળો ભરાય છે .આ ત્રણ દિવસના ભાતીગળ મેળામાં સમગ્રભારતના અને ભારતદર્શન માટે આવેલા વિદેશીઓ પણ આ મેળો જોવા આવે છે.આ વિસ્તારનું પૌરાણિક મહત્વ પણ ખૂબ છે .એવું મનાય છે કે આ સ્થાને દ્રોપદી જન્મ, દ્રોપદી સ્વયંવર અને અર્જુને માછલીની આંખમાં બાણ માર્યું હતું તે આ સ્થળ છે.આ પૌરાણીક પરંપરાના ભાગરૂપે મેળામાં લગ્નનું બજાર ભરાય છે .આ મેળામાં હાટડીઓ મંડાય છે કુંવારી કન્યાઓ તથા મસ્તીભરી સુહાગણી મેળામાંથી ચૂડાઓ, પ્રસાધનના સાધનો વગેરે ખરીદે છે.આ મેળાનું રોમાંચક અંગ રાસડા, ઢોલ, તથા જોડીયા પાવાના સૂર અને તેની તાલમાં ગોળ વર્તુળ મોહક રીતે ઘૂમતી નાચતી કાઠી, કોલઈ, રબારી, ભરવાડ, અને અન્ય લોકસમુદાયની સેકડો સ્ત્રીઓ મેળામાં

આકર્ષણ ઊભું  કરે છે .રાસગરબા અને રમતગમત ની અનેક સ્પર્ધાઓ યોજવામાં આવે છે .આમ પૌરાણીક અને સામાજીક પરંપરાની સંસ્કૃતિને જાળવી રાખતો આ મેળો લોકસમુદાય માટે એક અનોખો અને અણમોલ અવસર બની રહે છે .

*વૌઠાનો મેળો-:

અમદાવાદ જીલ્લાના ધોળકા તાલુકાના વૌઠા ગામમાં કાર્તિકી અગિયારસથી પૂર્ણિમા સુધી આ મેળો ભરાય છે .વૌઠાના મેળાનો ઉલ્લેખ પુરાણકથાઓમાં પણ જોવા મળે છે વૌઠાના વિસ્તારમાં સાબરમતી, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો, માઝુમ, અને શેઢી એમ સાત નદીઓનો સંગમ થતો હોવાથી તે સપ્ત સંગમ તરીકે પણ પ્રચલીત છે.અહીં ભાગવાં શિવ, પાર્વતી, અને કાર્તિકેય પણ આ સ્થળની મુલાકાત લીધી હોવાનું મનાય છે .મેળાની વિશેષતા એ છે કે .અહી ફક્ત પશુઓનો જ વેપાર થાય છે .જેમાં ૪૦૦૦ જેટલા ગધેડાનો અને ઊંટનો વેપાર થાય છે .આ મેળામાં વણઝારા જાતિના લોકો વધુ આવે છે .મેળામાં શણગાર સજેલ ગધેડાઓ અને ઊંટ પણ આકર્ષણ જમાવે છે .આમ .આવા પૌરાણિક, ધાર્મિક અને સામાજીક સંસ્કૃતિને જાળવી રાખતા મેળામાં પાંચલાખથી પણ વધુ લોકો ઉમટે  છે .અને ભગવાન સિધ્ધનાથ મહાદેવના દર્શન અને મેળાઓ લાભ લે છે .

*ભવનાથ મહાદેવનો- શિવરાત્રીનો મેળો -:

જૂનાગઠના ગિરનારની તળેટીમાં સુવર્ણરેખા નદીના કિનારે ભવનાથ મહાદેવનું પ્રાચીન મંદીર આવેલું છે .ભવનાથ મહાદેવના મંદીરમાં શિવરાત્રીના દિવસે મેળો ભરાય છે.મહાશિવરાત્રીની મધ્યરાત્રીએ  ભગવાન ભવનાથની મહાપૂજા થાય છે .ચાર દીવસ માટે અહી મેળો ભરાય છે .શિવરાત્રીની મહાપૂજાનાં દર્શન કરવા અને મેળામાં ભાગ લેવા આસપાસના વિસ્તારમાંથી નાગાબાવાઓ ઉમટી પડે છે .નાચતાં ગાતા શંખધ્વનિ કરતાં ને જાતજાતના વાધ્યો

વગાડતા મહાદેવાનો જયનાદ કરતાં આ બાવાઓનાં ઝુંડ ભવનાથ મહાદેવમાં અનોખી આસ્થા ધરાવે છે .ગુજરાત અને સૌરાષ્ટમાંથી લગભગ ત્રણ લાખ જેટલા લોકો મેળાનો આનંદ માળવા આવે છે .જૂનાગઢમાં ગીરનારનું આધ્યાત્મિક સ્વરૂપ ભવનાથનાં મેળાના દિવસોમાં જાણે ઝળહળી ઉઠે છે .

*શામળાજીનો મેળો -:

કાર્તિકી પૂર્ણિમાએ ગુજરાત અને રાજસ્થાનાની સીમા રેખા પાસે મેશ્વો નદીને કાંઠે આવેલા શામળાજી મંદીરના પ્રાંગણમાં મેળો ભરાય છે.આ મેળામાં દૂરદૂરથી રંગબેરંગી વસ્ત્રો પહેરીને અસંખ્ય લોકો આવે છે, જેમાં મુખ્યત્વે ગરાસીયા કોમના લોકો વિશેષ જોવા મળે છે.આ મેળામાં આદીવાસીઓ વિશાળ સંખ્યામાં હાજરી આપે છે .આ લોકો શામલાજીમાં અખૂટ શ્રધ્ધા ધરાવે છે .આ મેળો અરવલ્લીના પહાડો વચ્ચે રંગભર્યો ઉત્સવ બની રહે છે.

*માધવરાયનો મેળો -:

પોરબંદર નજીકના માધવપુર ગામે આ લોકમેળો દર વર્ષે મોટા ધામધૂમથી યોજાય છે.ચૈત્ર સુદી નોમથી તેરસ સુધી માધવરાય એટલે કે ભગવાન શ્રીકૃષ્ણ અને રૂકમણીનો વિવાહ પ્રસંગ યોજાય છે .આ લગ્ન સમારંભને માણવા દેશભરમાંથી શ્રીકૃષ્ણના ભક્તજનો એકઠા થાય છે . આ લગ્ન અંગેના ગણેશસ્થાપન, મંડપ-વિધી, વરઘોડી, સ્વયંવર-વધી વગેરે પ્રસંગો અહી વિધિવત પૂરી ધામધૂમથી પાંચ દિવસ સુધી ઉજવાય છે અને રંગબેરંગી વસ્ત્રો પહેરી ગુજરાતભરનો લોકસમુદાય આ મેળામાં માણે છે .

*નકળંગનો મેળો-:

ભાવનગર જીલ્લાના કોળીયાકમાં ભાદરવી અમાસે ભરાતો નકળંગનો મેળો દરીયા કિનારે નકળંગ મહાદેવના મંદીરે ભરાય છે .ભાદરવા મહિનાની અમાસે મેળાનું આયોજન થાય છે.મહાભારતમાં જ્યારે કૌરવો અને પાંડવોનું યુદ્ધ સમાપ્ત થયું ત્યારે પાંડવો તેમની માતા કુંતાજી

પાસે ગયા.કુંતામાતા સમગ્ર હકીકત જાણીને બોલ્યા કે તમે હવે હિમાળો ગાળો અર્થાત હવે હિમાલયમાં સમાધિષ્ટ થાઓ .માતાની સલાહ મુજબ પાંડવો હિમાલય પહોંચ્યા .પરંતુ પર્વતાધિરાજ હિમાલયે પણ તેઓને કુળ બંધુઓનો નાશ કરનાર પાપી ગણ્યા .હિમાલયે તેઓને સાચવવાની ના પાડી .હિમાલયની પરવાનગી માંગી પાંડવો પોતાના પાપ નિષ્કલંક કરવા કાળી ધજા લઈ નીકળી પડ્યા .હિમાલયના જણાવ્યા પ્રમાણે જ્યાં આ ધજા સફેદ થઈ જાય ત્યાં તેઓના પાપનો નાશ થયો તેમ સમજવું.પાંડવો ભ્રમણ કરતાં કરતાં ભાવનગર પાસે હાથક ગામ પાસે આવી પહોંચ્યા અને ત્યાં તેમની અડધી ધજા સફેદ થઈ ગઈ .પાંડવો સમજી ગયા કે તેઓ યોગ્ય સ્થળે આવી ગયા છે .અને ભાવનગરના કોળીયાક પાસે પહોંચતા અમાસ ના કારણે દારીયામાં ઓટ આવતા દારીયામાં અઢી-ત્રણ કિલોમીટર ચાલી ને નિષ્કલંક મહાદેવ ના મંદીરની સ્થાપના કરી અને ત્યારથી ભાદરવા મહિનામાં ત્યાં મેળો ભરાય છે અને ગુજરાતભરમાંથી લોકો મેળામાં સામેલ થવા જાય છે .

*કચ્છના મેળા -:

કચ્છની સંસ્કૃતિ, કલા અને રીવાજો બધાથી અનોખા છે .ભારતના સૌથી મોટા કચ્છ જીલ્લામાં મુખ્ય ૧૨ મેળાઓ વર્ષ દરમ્યાન યોજાય છે .કચ્છ જીલ્લાના મુખ્ય મથક ભુજમાં શીતળા સાતમનો, હાજીપીરનો મેળો, દાદા મેકરણનો મેળો, જખનો મેળો, કારોલપીરનો મેળો, માંડવીમાં જન્માષ્ટમીએ યોજાતી રવાડી રથયાત્રા, તલવાણામાં ચૈત્ર માસના બીજા સોમવારે યોજાતો રૂકનસા પીર મેળો, માંડવીમાં ચૈત્ર વદ તેરસનો શીતળામાતાનો મેળો, અંજારમાં શ્રાવણ વદ ૧૫ નો મેળો, કુબેર પીરનો મેળો, જેસલતોરલનો મેળો, રાવેચીમાતાનો મેળાનો સમાવેશ થાય છે .આ મેળાઓમાં લોકસંસ્કૃતિ ની ઝલક જોવા મળે છે .કચ્છની અનોખી સંસ્કૃતિના અનોખા રીતરીવાજો પ્રવાસીઓ માટે અને તેમના જીવનનો નુતન અનુભવનો લહાવો લેવા સર્જાયા હોય તેવું લાગે છે .

*રૂપાલની પલ્લીનો મેળો-:

ગુજરાતનાં પાટનગર ગાંધીનગરથી પંદર કિ.મી .ના અંતરે આવેલ રૂપાલ ગામમાં દર વર્ષે નવરાત્રી દરમ્યાન આ મેળો ભરાય છે .વરદાયની માતાના શ્રદ્ધાળુ ભક્તોએ દિવસે માતાની પાલખીને ઊંચકીને ગામમાં ફરે છે .દેવીને પ્રસન્ન કરવા એમને પ્રમાણમાં ચોખ્ખું ઘી ધરાવાય છે . દેવીની પલ્લી-પાલખીને ઉચકીને જતો લાંબો વરઘોડોએ આ મેળાની વિશિષ્ટતા છે .માતાજીની પલ્લીના દર્શન કરવા અને મેળામાં ભાગ લેવા રૂપાલની આસપાસના ગામોમાંથી મોટો લોકસમુદાય અહી ઉમટી પડે છે .

*ચિત્ર-વિચિત્રેશ્વરનો મેળો -:

ગુજરાતનાં સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દેલવાડા ગામથી માત્ર દોઢેક કિ .મિ .ના અંતરે આવેલા ગુણભાખરી ગામમાં ચિત્ર-વિચિત્ર મેળો યોજાય છે .હોળી પછીના ચૌદમાં દિવસે નદીકિનારે મેળો ભરાય છે.મહાભારતના ચિત્રવીર અને વિચીત્રવીર ની યાદમાં દર વર્ષે મેળા નું આયોજન થાય છે .આદીવાસી સ્ત્રી-પુરૂષો આ મેળામાં આવે છે .અને એમના સ્વજનોને રોગ-પીડાથી મુક્ત કરવાની માનતા માને છે .આદીવાસી સંસ્કૃતિને નજીકથી જાણવા અને માણવા માટે આ મેળાની મુલાકાત લેવા જેવી છે .

*શાહઆલમ અને સરખેજના મેળા -:

ગુજરાતભરમાં ભરાતા ૧૭૫ જેટલા મુસ્લિમ મેળાઓમાં સૌથી વધુ મેળાઓ અમદાવાદ, ભરૂચ અને સુરતમાં યોજાય છે .જેમાંના બે સુપ્રસિધ્ધ મેળાઓ મહત્વના છે .અને તે અમદાવાદ માં યોજાય છે . સરખેજનો મેળો સંત શાહઅહેમદ ગંજબક્ષસાહેબની કબર પાસે તળાવના કાંઠે યોજાય છે.સંત શાહઅહેમદ ખટ્ટુ ગંજબક્ષ અમદાવાદના સ્થાપક સુલતાન અહમદશાહ બાદશાહના માનીતા હતા, તેમનું અવસાન થતાં તેમની કબર સરખેજમાં તળાવના કાંઠે બાંધવામાં આવી અને ત્યાં ધાર્મિક મેળાનું આયોજન થાય છે .શાહઆલમમાં શાહઆલમપીર ની યાદમાં શાહઆલમ મેળાનું આયોજન કરવામાં આવે છે .

આમ ગુજરાતમાં ઉપરોક્ત દર્શાવ્યા મુજબના અનેક મેળાઓ યોજાય છે તેમજ તે ઉપરાંત અંબાજીમાતા નો મેળો જે બનાસકાઠા જીલ્લાના દાતા તાલુકામાં અંબાજીમાતા ના પ્રાંગણે કારતક, ચૈત્ર, ભાદરવો, અને આસો મહિનામાં મોટા મેળાનું આયોજન થાય છે, માણેકઠારી પૂનમનો મેળો આશો સુદ ૧૫ ના રોજ ડાકોર માં ધામધુમથી શ્રીકૃષ્ણના ભજન કીર્તન અને આસ્થાના સ્વરૂપ સમાન મેળો ભરાય છે.મેઘરાજાની છડીનો મેળો ભરૂચ જીલ્લામાં દર વર્ષે શ્રાવણ વદ નોમના દીવસે મેઘરાજાની છડી ઝૂલાવવાનો ઉત્સવ ઉજવવામાં આવે છે, ગોળ-ગધેડાનો મેળો પંચમહાલના આદીવાસી વિસ્તારમાં હોળી-ધૂળેટીના તહેવાર પછી આ મેળાનું આયોજન કરવામાં આવે છે, ચૂલનો મેળો આદીવાસી વિસ્તારમાં અનેક જગ્યાએ હોળી પછીના બીજા દીવસે ચૂલનો મેળાનું આયોજન થાય છે ગામની બહાર મોટો લંબચોરસ ચૂલો પ્રગટાવી તેના પર આદીવાસી સ્ત્રી પૂરૂષો અગ્નિમાંથી પસાર થાય છે અને અગ્નિ તેમને દઝાડતી પણ નથી આમ આદીવાસી લોકો પોતાના કુટુંબ, સંતાનો અને ઢોરઢાંખરોનું અગ્નિ દેવતા રક્ષણ કરે છે તેવી માન્યત ધરાવે છે .અને ચૂલાના મેળાનો આનંદ માળે છે .ગુજરાતમાં વિવિધ મેળાઓનું આયોજન થાય છે .અને તે મેળામાં  વિવિધ સંસ્કૃતિ અને લોકોની પરંપરાઓ, પહેરવેશ, ખાન-પાન વગેરે વિવિધતા નો આનંદ માણવામાં આવે છે .

<u>લોકઉત્સવો-:</u>

મહાકવિ કાલિદાસે શાકુન્તલમાં સાચું જ કહ્યું છે કે'.ઉત્સવ પ્રિયા :ખલુ જના ':માનવીને ઉત્સવ અત્યંત વહાલો છે.વિવેકયુક્ત ઉત્સવો ધર્મરક્ષક અને ભાવનાપોષક છે .ઉત્સવ શબ્દ ઉદ+સ ધાતુમાંથી બન્યો છે .માનવજાતને સાર્થક કરે એનું નામ ઉત્સવ .દુનિયાની કોઈ પણ પ્રજા ઊત્સવવિહોણી નથી .લોકજીવનનું દૈવત એના સાંસ્કૃતિક લોકાઉત્સવમાં દ્રષ્ટીગોચર થાય છે . ગુજરાતની સાંસ્કૃતિક એકતાના મૂળ લોકઉત્સવમાં જ છે.માનવી ને લોકાઉત્સવો સાત્વિક આનંદ આપે છે .જીવન જીવવાનો ઉત્સાહ ટકાવી રાખે છે.જીવનમાં વ્યક્તિગત, કૌટુંબિક, આર્થિક, માનસિક,

શારીરીક એવી અનેક સમસ્યાઓનો સામનો કરવામાં આ ઉત્સવો માનવીને પ્રેરણા અને શક્તિ પૂરી પાડે છે .ઉત્સવવિહોણાં માનવીની કલ્પના કરવી પણ મુશ્કેલ છે .લોકઉત્સવો લોકો દ્વારા નાતજાત, ગરીબ-તવંગર, કે ઊંચ-નીચના ભેદભાવ વગર સૌ સાથે મળી ઉજવાય છે .સર્વલોકોમાં એકતાની ભાવના જગાડે છે.માનવ મનમાં રહેલા જૂના દૂ:ખ, વેર-ઝેર, કલેશ, અને રાગદ્વેષ ભૂલી જઇ સૌ સાથે મળી ઉત્સવનો આનંદ માણે છે.લોકાઉત્સવ લોકોને આનંદ જ નથી આપતા પણ માનવીને ઈશ્વર તરફ અભિમુખ કરે છે .અને લોકોમાં કલાભાવનાને ખીલવે છે .ઉત્સવો પ્રસંગે શેરીઓ સ્વચ્છ બને છે . ઘરના આંગણાં સોહિ ઉઠે છે .કળામય રીતે દીપ પ્રગટાવાય છે.ઘરે ઘરે રંગોળી, સાથીયાને પ્રતીકચીત્રો આલેખાય છે.ઘર અને બળદોને ભાતીગળ ભરતચિત્રથી શણગારવામાં આવે છે . ચોકમાં કે શેરીઓમાં ગરબા, રાસ, હીંચ, હમચી જેવા નૃત્યો યોજાય છે

ભારતની સંસ્કૃતિ અતિ પ્રાચીન છે તેમ એટલી જ ભાતીગળ છે.અહીની પ્રજા પરંપરાપૂર્વક સેકડો વર્ષોથી વિવિધ પ્રકારના ઉત્સવો ઉજવતી આવી છે.અહી અનેક ધર્મો છે, અનેક જાતિઓ છે, અનેક પ્રદેશો છે અને દરેક ના વિશિષ્ટ ઉત્સવો છે.આમ છતાં કેટલાક ઉત્સવો ભારતભરમાં ધર્મ, પ્રદેશ કે નાત-જાત ભેદભાવ વિના સમાન રીતે સહુ ઉજવે છે .મકરસંક્રાંતિ, વસંતપંચમી, હોળી, દિવાળી, રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રી, નવરાત્રી, આદીવાસીઓના ઉત્સવો આવા અનેક ઉત્સવો ઉજવવામાં આવે છે .ગુજરાતની સમગ્ર પ્રજા સમાન રીતે ઉત્સવોની ઉજવણી કરે છે .

હોળી -:હોળીનો તહેવાર સમગ્ર ગુજરાત ઉજવે છે .ઋતુપરીવર્તનનો રંગોત્સવ એટલે હોળીનો તહેવાર .ફાગણ એ ઋતુસંધિનો મહિનો ગણાય છે.ફાગણ સુદ પૂનમના દિવસે ગુજરાતનાં ગામેગામો હોળી પ્રગટાવવામાં આવે છે.ગામ લોકો હોળીમાતાનાં દર્શન કરી હોળીમાં ધાણી-ચણાને ખજૂર નાખે છે.હોળીમાતાની પૂજા કરે છે અને ઘરના લોકોની સુખશાંતિ માટેની પ્રાથના કરે છે .

અખાત્રીજ -:વૈશાખાસુદ ત્રીજાના દીવસે આવતી અખાત્રીજ ખેડૂતો માટે મહત્વની ગણાય છે અખાત્રીજ એટલે અક્ષયતૃતીયા .અખાત્રીજાના દીવસે ખેડૂતો પોતાના બળદો અને ઢોરને શણગારી ખેતરમાં હળ હાંકી નવાવર્ષ ની શરૂઆત કરે છે.ગામને પાદરે પોતાના બળદો ને શણગારી શાંતીદોડમાં જોડાય છે અને જે શાંતી દોડમાં પ્રથમ આવે તેને ગામના મુખીયા દ્વારા સન્માન કરવામાં આવે છે .ડાંગ, પંચમહાલના આદીવાદી વિસ્તારોમાં અખાત્રીજાના દીવસે વસંતઉત્સવ અખાત્રીજ સુધી ઉજવે છે શ્રદ્ધાળુઓ બ્રાહમણોને દાન આપે છે .

નાગપાંચમ અને શીતળા સાતમ અને જન્માષ્ટમી -:શ્રાવણવદ  પાંચમ નો ઉત્સવ આપણા ગુજરાતમાં નાગપાંચમ તરીકે ઉજવાય છે રાત-દીવસ ખેતરમાં કામ કરતાં ખેડૂતો અને માલધારી પ્રજા નાગદાદા તેમનું અને તેમના પશુધનનું રક્ષણ કરે તે માટે પ્રાથના કરે છે .ઘરની મહિલાઓ ઘરની પાણીયારીએ નાગદેવ નું કંકુથી ચિત્ર દોરી તેની પૂજા કરી નાગદેવતાને બાજરીના લોટ ની કુલેર અને ફણગાવેલ માંગ નો પ્રસાદ કરે છે .શ્રાવણ વદ સાતમ ના ઉત્સવ ને શીતળાસાતમ તરીકે મનાવવામાં આવે છે .સાતમના દીવસે શીતળામાતા ની પૂજા કરવામાં આવે છે .આ દીવસે સ્ત્રીઓ પોતાના ઘર ના ચૂલા ઠારી ચૂલાની પૂજા કરી છઠ ના દીવસે બાનાવેલું ભોજન જમે છે.જન્માષ્ટમી એ શ્રાવણ વદ આઠમ ના રોજ મનાવવામાં આવતો તહેવાર છે જે ગોકુળ આઠમ તરીકે પણ ઓળખાય છે .જન્માષ્ટમી ભગવાન શ્રીકૃષ્ણની જન્મોત્સવ તરીકે મનાવવામાં આવે છે .શ્રીકૃષ્ણના મંદીરોમાં અને મેળાઓમાં મટકીફોળ નો કાર્યક્રમ યોજાય છે .રાત્રીના સમયે ભગવાન નો જન્મોત્સવ ઉજવવામાં આવે છે .અને ભગવાનના પારણું બાંધી રાત્રીના ભજન કીર્તન નો કાર્યક્રમ યોજવામાં આવે છે.

મેઘરાજાની છડી મહોત્સવ -:ઇન્દ્ર એ વર્ષાના અધિષ્ઠાતા દેવ ગણાય છે.ભરૂચ જીલ્લાના ભિલ  લોકો મેઘરાજા ઇન્દ્રને દેવ માનીને તેમની પૂજા કરે છે.અષાઢ સુદ દશમના દિવસે ઇંદ્રરાજાની

છડીનો ઉત્સવ ઉજવે છે.મેઘરાજાને પોતાના કુળદેવતા માનતી આ પરાજય એ દિવસે પોતાના ગામ મેઘરાજાની માટીની બનાવેલી પ્રતિમાની દસ દીવસ પૂજા કરે છે .અને ભજનકીર્તન કરે છે . મેઘરાજાને રીઝવવા માટે આ મહોત્સવ ની ઉજવણી ધામધુમથી કરવામાં આવે છે .

નવરાત્રી -:લોકજીવનમાં શક્તિપૂજાનું સ્થાન ઘણું મહત્વનું રહ્યું છે .નવરાત્રી એટલે શક્તિની ભક્તિનો ઉત્સવ .નવરાત્રીનો ઉત્સવ લોકજીવનમાં નોરતાના નામે ઓળખાય છે.નોરતા એટલે દૈવીશક્તિનો આસુરી શક્તિપરના વિજયનો ઉત્સવ .નોરતામાં નવ દિવસ માતા ની ભકતીભાવ થી પૂજા અર્ચના કરવામાં આવે છે .તેમજ મહિલાઓ, બાળકો, પુરૂષો દ્વારા માતાના ગરબા કરવામાં આવે છે તેમજ ગામ ના ચોકમાં માતા ના માટીનો ગરબો મૂકી તેમાં દીવો કરી તેની ફરતે ગરબા રમવામાં આવે છે .નોરતાના પર્વ નો ભક્તિભાવ પૂર્વક ઉજવવામાં આવે છે .

વિજયાદશમી -:મહિષાસુર રાક્ષસ પર દેવી દુર્ગાના વિજયનો ઉત્સવ એ જ દશેરા .આ તહેવાર વિજયાદશમી તરીકે પણ ઓળખાય છે .ભગાવાન રામે રાવણ પર વિજયનો તહેવાર અસત્ય પર સત્ય નો વિજય, પાપ ઉપર પુણ્યનો અને દુરાચાર પર સદાચારના વિજય નું પ્રતિક એટલે વિજયાદશમી .

દિવાળી -:દિવાળી એટલે ઝગમગતા દીવાડાઓનો ઉત્સવ .આ પર્વ ભારતવર્ષ નો અતિ પ્રાચીન લોકઉત્સવ છે.દીવાળીનો તહેવાર લોકોમાં આનંદ અને ઉત્સાહનો સંચાર કરે છે.દિપોત્સવનો તહેવારે ઐશ્વર્યની દેવી મહાલક્ષ્મીની પ્રસન્નતા માટેની પૂજાનું પર્વ છે .ધનતેરસના દિવસથી દીવાળીનો આરંભ થઈ જાય છે.લોકો પોતાના ઘરને સજાવી, નવા કપડાં પહેરી તેમજ રાત્રે દીપ પ્રગટાવી તહેવાર ની મજા માળે છે લોકોમાં રહેલા ભેદભાવ ને દૂર કરવાનું એક સારો પર્વ બની રહે છે .નાના બાળકોથી માંડી મોટા ઘરના સભ્યો ભેગા મળી ફટાકડા ફોડવાનો આનંદ માણે છે .એકબીજા ઘરે જઈ એકબીજાને મીઠાઈઓ ખવડાવી એકબીજાનું અભિવાદન કરે છે.

અન્ય ઉત્સવો -:ગુજરાતનાં લોકજીવનમાં વર્ષ દરમ્યાન નાના-મોટા અનેક ઉત્સવો ઉજવાય છે.ગુજરાત નાં લોકસમુદાય ના વિશિષ્ટ ઉત્સવો માં સુરત અને ભરૂચ જીલ્લાના ખારવા લોકો માં ઉજવાતો ઘોઘારાયની છડીનો ઉત્સવ, સૌરાષ્ટના મહુવા નજીક કટપર ગામના કોળીઓ દ્વારા ઉજવાતો દરીયાપીરનો ઉત્સવ, સૌરાષ્ટના રબારીઓનો મોમાઈ માતાનો મહોત્સવ, ઉત્તર ગુજરાતનાં પાટીદારોનો હલોટરા ઉત્સવ, આદીવાસીઓના ઉત્સવો વગેરેનો સમાવેશ થાય છે .આ સઘડા ઉત્સવો સાંપ્રદાયિક એકતા જાળવવામાં, માનવહદયમાં શ્રધ્ધાનો દીપક પ્રગટેલો રાખવામાં અને જીવનને શક્તિ અને શાંતિ અર્પવામાં ઘણા સહાયરૂપ થાય છે .

ઉપસંહાર -:

લોકમેળાઓ અને લોકઉત્સવો ગુજરાતનાં સમગ્ર લોકસમુદાય માટે સવિશેષ મહત્વ ધરાવે છે .સમગ્ર લોકોના જીવનમાં આનંદ અને ઉત્સાહ પ્રગટાવનાર અવસર બની રહે છે.લોકો ઉત્સવો એન મેળાઓના પરીણામે લોકો ને સમુહમાં હરવા ફરવાનો અને ઘરની બહાર મુક્ત વાતાવરણમાં વિહારવાનો અને આનંદીત થવાનો પર્વ બને છે.લોકજીવનનું દૈવત એના સાંસ્કૃતિક લોકઉત્સવો અને લોકમેળામાં દ્રષ્ટીગોચર થાય છે .ગુજરાતની સાંસ્કૃતિક એકતાના મૂળ લોકઉત્સવો અને લોકમેળામાં જ પડેલા છે .આમ લોકજીવનના સાંસ્કૃતિક ઘડતરમાં મેળાઓ અને ઉત્સવોનો ફાળો મૂલ્યવાન રહ્યો છે .

સંદર્ભસૂચિ -:

1. ડૉ .હસુમતાબેન શશીકાંત સેદાણી, ગુજરાતની લોકસંસ્કૃતિ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, પાંચમી આવૃતિ-૨૦૧૭ .
2. જોરાવરસિહ જાદવ, ગુજરાતની લોકસાંસ્કૃતિ વિરાસત , સરકારી ફોટો લિથો પ્રેસ, અમદાવાદ, ૨૦૧૦ .
3. જોરાવરસિહ જાદવ, ગુજરાતનો લોકકલા વૈભવ, , સરકારી ફોટો લિથો પ્રેસ, અમદાવાદ, ૨૦૧૯-૨૦૨૦ .

4. જોરાવરસિંહ જાદવ, લોકસંસ્કૃતિ : ગુજરાતની લોકસંસ્કૃતિ, ૧૯૭૬

Website:-

1. www.marugujarat.in
2. https://gu.m.wikipedia.org
3. https://.skillyuva.com
4. https://gujaratgk1.biogspot.com
5. https:// tribal.gujarat.gov.in
6. https://en.m.wikipedia.org